સ.મ.મુ.ગાં-(એચ)-૧૭૪-૨૦૦૦-૫-૦૮

રજા પ્રવાસ / વતન પ્રવાસ રાહતની
સવલતમાં હવાઇ પ્રવાસને મંજુરી બાબત.

ગુજરાત સરકાર
**નાણા વિભાગ**
ઠરાવ ક્રમાંકઃ મસભ-૧૦૨૦૦૮-૧૦૬૫ (૧)-ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : **૨૧-૫-૨૦૦૮**

વંચાણે લીધા :

(૧) ના.વિ. ના ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૦૭-૧૦૬૫-ચ, તા. : ૮-૬-૨૦૦૭
(૪) ના.વિ. ના ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૦૮-૧૦૬૫-ચ, તા. ૨૮-૪-૨૦૦૮

**ઠ રા વ**

નાણા વિભાગના તારીખ : ૮-૬-૨૦૦૭ના ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૦૭-૧૦૬૫-ચ, અન્વયે રાજય સરકાર દ્વારા રાજયના કર્મચારી / અધિકારીશ્રીઓને રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતની સવલત પુનઃ શરૂ કરવામાં આવેલ છે. આ ઠરાવના ફકરા-૪ માં નીચે મુજબની જોગવાઇ કરાયેલ છે.

''રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતનો લાભ ફકત રેલ્વે તેમજ જે તે સરકારી પરિવહનની બસો દ્વારા જ મેળવી શકાશે. અન્ય પરિવહન સેવાઓ મારફત કરેલ પ્રવાસ માન્ય રહેશે નહીં. ''

આ જોગવાઇમાં નીચે મુજબનો ઉમેરો કરવામાં આવે છે.

રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતની સવલત મેળવનાર કોઇપણ કર્મચારી / અધિકારી નેશનલ તેમજ ખાનગી વિમાન દ્વારા હવાઇ મુસાફરી કરી શકશે, પરંતુ તેને જે વર્ગનું રેલ્વે ભાડું મળવાપાત્ર થતુ હશે તે અને હવાઇ પ્રવાસના ખરેખર ખર્ચ એ બે પૈકી જે ઓછું હોય તેટલી જ રકમ મંજુર કરવા પાત્ર થશે. હવાઇ મુસાફરી કરનાર કર્મચારી/ અધિકારીઓએ બીલની સાથે હવાઇ મુસાફરીની **મૂળ ટીકીટ** તેમજ **બોર્ડીંગ પાસ** રજુ કરવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે. એસ. ત્રિવેદી)
સેકશન અધિકારી,
નાણા વિભાગ

(પાછળ..)

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
  માન.મંત્રીશ્રીઓ/ નાયબ.મંત્રીશ્રી / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
  માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
  સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
  સચિવાલયના તમામ વિભાગો / સર્વે ખાતાના વડાઓ / સર્વે કચેરીઓના વડાઓ.
  સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ / સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
  સર્વે નિગમ / બોર્ડ / યુનિવર્સિટીઓ / રાજ્ય સરકારના જાહેર સાહસો.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ / એ.એન્ડ ઇ.) ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ.
  નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
  પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
  પગાર અને હિસાબી અધિકારીશ્રી, સ.સ.ન. નિગમ લિ., ગાંધીનગર / વડોદરા.
  નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
  નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
  નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
  સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
  સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી.
  નાણા વિભાગની તમામ શાખાઓ / અધિકારીઓ.
  માન. મુખ્ય મંત્રીશ્રીની વેબસાઇટ, - વેબ ઉપર મુકવા સારૂ.
  <u>સીલેક્ટફાઇલ</u>
- પત્ર દ્વારા.